# વહેલી સવારના ચીલ ઝડપનો ગુનો આચરતા તથા ઘરફોડના ગુનાઓમા નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી, સુરત શહેર ક્રાઇમ બ્રાંચ.

સુરત શહેર વિસ્તારમાં નાસતા ફરતા તથા પેરોલ/ફર્લો જંપ આરોપીઓને ઝડપી પાડવા ક્રાઇમ બ્રાંચના પો.સ.ઈ.સી.એચ.પનારા ટીમ સાથે શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન H.C. દિગ્વિજ્યસિંહ ભીમજીભાઈ, P.C. મહાવીરસિંહ રણજીતસિંહ, નાઓને મળેલ બાતમી આધારે આરોપી અહેમદરઝા S/O મોહંમદતકી છેદુહસન શેખ ઉ.વ.૧૯ રહે,મકાન નં.બી-૧૨, પદમાવતી સોસાયટી, ગલી નં.૧, રજા મસ્જીદની બાજુમાં લીંબાયત, સુરત, મુળ રહે, અમાઉ થાના. જી. ફતેહપુર (યુ.પી) નાને લીબાંયત મદીના મસ્જીદ પાસે પદમા સોસાયટી ગલી નં.૧ ના નાકા ઉપરથી ઝડપી પાડી, પુછપરછ કરતા “આજથી આશરે પચ્ચી દિવસ પહેલા પોતે તથા મિત્ર આમીર દારોગા તથા સાહીલ ઉર્ફે ખુશનુરનાઓ સાથે મળી હોન્ડા હોરનેટ મોટર સાયકલ ઉપર ત્રણ સવારી સવાર થઈ વહેલી સવારના આશરે ચાર સાડા ચારેક વાગ્યાના સુમારે દિલ્હીગેટ ગોગાપીર મંદિરની સામે જાહેર રોડ ઉપરથી એક ઓટો રીક્ષામાં સવાર મહીલાના હાથમાંથી લેડીઝ પર્સ જેમાં (૧) એમ.આઈ.કંપનીનો મોબાઈલ ફોન કિ.`.૩,૦૦૦/-, (૨) રોકડા રૂપીયા ૧૦,૦૦૦/-, (૩) સોનાનુ મંગળસુત્ર કિ. `.૪૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૫૩,૦૦૦/- ના મત્તાની ચીલ ઝડપ કરી ગુનો આચરેલ આ સિવાય પોતાના બીજા મિત્રો સાથે મળી આજથી ચારેક માસ પહેલા સલાબતપુરા વિસ્તારમાં એક ડ્રાયફુટ દુકાનમાંથી રોકડા રૂપીયા તથા કાજુ, અખરોટના કાર્ટુન મળી કુલ કિ. `. ૩,૯૧,૯૫૦/- ના મત્તાની ઘરફોડ ચોરી કરેલ તે ગુનાઓમાં નાસતો ફરતો ફરી રહેલ “કબુલાત કરેલ છે. તેમજ અગાઉ લીંબાયત પો.સ્ટે.માં વાહન ચોરી તથા મારામારીના ગુનાઓમા પકડાઈ ચુકેલ છે. જે ગુનાઓ નીચે મુજબ છે.

(૧) મહિધરપુરા પો.સ્ટે. । ગુ.ર.નં.૧૫૭/૨૦૧૯ ઈ.પી.કો.કલમ ૩૭૯(એ)૩,૧૧૪ મુજબ (૨) સલાબતપુરા પો.સ્ટે. । ગુ.ર.નં.૧૬૫/૨૦૧૯ ઈ.પી.કો. કલમ.૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ.

**ગુનાહીત ઈતિહાસ:**-(૧)લીંબાયત પો.સ્ટે. । ગુ.ર.નં.૨૯૧/૨૦૧૯ ઈ.પી.કો.કલમ.૩૭૯,૧૧૪ મુજબ (વાહન ચોરી). (૨)લીંબાયત પો.સ્ટે.॥ ગુ.ર.નં.૧૬૩૪/૨૦૧૯ ઈ.પી.કો.કલમ.૩૨૩,૨૯૪(ખ),૧૧૪ મુજબ(મારામારી).